# શિક્ષણ સમિતિની 12 બેઠક માટે રાજકીય ખેંચતાણ

**12 બેઠક માટે 19 ઉમેદવાર ફોર્મ લઈ જતાં ભાજપ માટે પડકાર**

### 12 ધારાસભ્ય વચ્ચે 12 બેઠકની વહેંચણી કરી વિવાદ ટળવાની શક્યતા

કોર્પોરેશનની ચૂંટણીમાં ટિકિટ મેળવવામાં નિષ્ફળ ભાજપના કાર્યકરો શિક્ષણ સમિતિમાં સ્થાન મેળવવા એડીચોટીનું જોર લગાવી પોતપોતાના ગોડફાધરો પાસે લોબિંગ કરાવી રહ્યા છે. જોકે, આ વખતે મનપાની ચૂંટણીમાં જે-તે વિસ્તારના ધારાસભ્યોની ભલામણ મુજબ મોવડીમંડળે ટિકિટ આપીને ધારાસભ્યોને જીતની જવાબદારી સોંપી હતી, જેમાં વિપક્ષ સાફ થઇ ગયો હોય, વિવાદ ટાળવા માટે 12 ધારાસભ્યની માંગ મુજબ તેના 12 ટેકેદારને ટિકિટ આપી બેલેન્સ કરાય તેવી શક્યતા જોવાઇ રહી છે.

સુરતઃ સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની 12 ચુંટાયેલી બેઠક માટેની ચૂંટણી પ્રક્રિયા વેગવંતી બનતાં હવે રાજકીય દાવપેચ તેજ બન્યા છે. સમિતિમાં કુલ 15 સભ્ય હોય છે, જેમાં 12 સભ્યની ચૂંટણી, જ્યારે ત્રણ સભ્યની રાજ્ય સરકાર દ્વારા નિમણૂક થાય છે.

મનપાના સેક્રેટરી વિભાગમાંથી અત્યાર સુધીમાં 19 વ્યક્તિએ કુલ 31 ફોર્મ ઉપાડ્યાં છે. 23 સપ્ટેમ્બરે બપોરે 3થી 6 વાગ્યા સુધી ઉમેદવારી ફોર્મ સ્વીકારવામાં આવશે અને ત્યારબાદ 1 ઓક્ટોબરે ઉમેદવારી પત્રોની ચકાસણી થશે. 9 ઓક્ટોબરે મતદાન અને પરિણામની પ્રક્રિયા યોજાવાની છે.

આ ચૂંટણીમાં સામાન્ય જનતા નહીં પરંતુ સુરત મનપાના ચુંટાયેલા નગરસેવકો મતદાન કરશે. મનપામાં કુલ 120 નગરસેવક છે અને હાલમાં ભાજપ પાસે 115 જ્યારે AAP પાસે 4 બેઠક હોવાનું અહેવાલોમાં દર્શાવવામાં આવ્યું છે. આ ગણિત વચ્ચે શિક્ષણ સમિતિની 12 બેઠક પર ભાજપનું વર્ચસ્વ રહેવાની સ્થિતિ છે. એક બેઠક માટે જરૂરી મતનું ગણિત જોતાં AAPના માત્ર ચાર નગરસેવક હોવાથી તેના માટે બેઠક મેળવવી મુશ્કેલ બને છે. તેથી વિપક્ષ ઉમેદવારી કરે છે કે નહીં તેના પર ચૂંટણીનું રાજકીય ચિત્ર વધુ સ્પષ્ટ થશે. બીજી તરફ ભાજપ માટે સૌથી મોટો પડકાર બેઠકો જીતવાનો નહીં, પરંતુ 12 નામ નક્કી કરવાનો છે.

# માતાએ પુત્રને ફટકારતા પોલીસ ફરિયાદ

સુરતઃ વેડ રોડ પર કૌટુંબિક કલહમાં માતાએ પુત્રને ફટકારતા મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો છે.

વેડરોડ પર આવેલી ગીતાનગર સોસાયટીમાં રહેતા અને કપડાં ઈસ્ત્રી કરવાનું મજૂરીકામ કરતા ૪૪ વર્ષીય પ્રવીણભાઈ દામજીભાઈ ઘાસકટા અને તેમની પત્ની સરોજબેન વચ્ચે છેલ્લા બે વર્ષથી અણબનાવ ચાલે છે. જેથી પત્ની નાના દીકરા સ્નેહલ (ઉ.વ.૧૧) સાથે અલગ રહે છે, જ્યારે મોટો દીકરો નિખિલ (ઉ.વ.૧૮) પિતા સાથે રહે છે. સરોજબેને ફેમિલી કોર્ટમાં ભરણપોષણનો કેસ પણ દાખલ કરેલો છે. ગત તા. ૨૧/૦૯/૨૦૨૬ ના રોજ નિખિલ તેની માતાને મળવા ગયો હતો. દરવાજો ખખડાવતાં માતા ફોન પર વાત કરતી હતી. નિખિલે 'કોની સાથે વાત કરે છે?' તેમ પૂછતાં અને સામેથી અંકિત દોમડીયા નામના વ્યક્તિનો અવાજ આવતાં તેણે અંકિત સાથે વાત કરવાની ના પાડી હતી. સામે સરોજબેને નિખિલને બે ઝાપટ મારી દીધી હતી. સરોજબેને ઉશ્કેરાઈને જણાવ્યું હતું કે, તું તારા બાપાનો ચાડિયા બની મારા પર નજર રાખે છે.' તેમ કહી ઢીકાપાટુનો માર માર્યો હતો અને હવે પછી ઘરે આવશે તો જીવતો નહીં છોડવાની ધમકી આપી હતી. નિખિલે આ અંગે પિતાને જાણ કરતાં, પ્રવીણભાઈએ ચોકબજાર પોલીસમાં પત્ની સરોજબેન સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



# ભટારમાં વોર્નર બ્રધર્સની થિમ સાથે ગણેશ પંડાળ

**અબુધાબીની ઝલક સાથે સુપરમેન, સ્પાઇડરમેન સહિતનાં પાત્રોની હાજરી**

સુરતઃ ભટાર કાપડિયા હેલ્થ ક્લબ પાસે આવેલી જનતાનગર સોસાયટી 'તોફાની કાનુડા ગ્રુપ' દ્વારા આ વર્ષે અનોખી થિમ સાથે ગણેશજીનો મંડપ તૈયાર કરવામાં આવ્યો છે. ગ્રુપ દ્વારા અબુધાબીની રોનક તેમજ વોર્નર બ્રધર્સની કલ્પનાને આધારે મંડપને આકર્ષક સ્વરૂપ આપવામાં આવ્યું છે. મંડપમાં વિદેશી શહેરોની ભવ્યતા અને આધુનિક સ્થાપત્યની ઝલક ઊભી કરવામાં આવી છે. સાથે જ બાળકો અને યુવાનોમાં લોકપ્રિય સુપરમેન, સ્પાઈડરમેન સહિતનાં વિવિધ કલ્પિત પાત્રોના ચિત્રો અને દૃશ્યો રજૂ કરવામાં આવ્યા છે. મંડપની થિમમાં બાળકોને આકર્ષે તેવા સુપર હીરો પાત્રો સાથે અબુધાબીની ભવ્યતાને જોડવામાં આવી છે. ગણેશજીના દર્શન સાથે થિમ આધારિત સજાવટ નિહાળવા માટે સોસાયટીના રહીશો ઉપરાંત આસપાસના વિસ્તારના લોકો પણ મોટી સંખ્યામાં ઊમટી રહ્યા છે.

# નાનપુરા ખારવા મહોલ્લાના ગણેશ મંડપમાં સ્વિત્ઝરલેન્ડ

**ઘરથી લઈને સ્નો ફોલ સુધીની ઝલક સાથે સ્વિત્ઝરલેન્ડનું વાતાવરણ ઊભું કરાયું, મંડપ નિહાળવા ભક્તોની ભીડ**



સુરતઃ ગણેશોત્સવમાં ગણેશજીની સ્થાપના સાથે મંડળો દ્વારા વિવિધ થીમ આધારિત મંડપો તૈયાર કરવામાં આવે છે. નાનપુરા ખારવા મહોલ્લામાં સેલરી બાળ ગણેશ ગ્રુપ દ્વારા આ વર્ષે 'સ્વિત્ઝરલેન્ડની થીમ પર અનોખો મંડપ તૈયાર કરવામાં આવ્યો છે.

સ્વિત્ઝરલેન્ડની કલ્પનાને સાકાર કરવા માટે મંડપમાં ત્યાં જોવા મળતા ઘર સહિતની વિવિધ રચનાઓને આકર્ષક રીતે રજૂ કરવામાં આવી છે.ખાસ કરીને 'સ્નો ફોલ'ની કલ્પનાને પણ મંડપની રચનામાં સ્થાન આપવામાં આવ્યું છે, જેના કારણે સમગ્ર મંડપ સ્વિત્ઝરલેન્ડની અલગ જ દુનિયાનો અનુભવ કરાવે છે.

મંડપમાં થીમને અનુરૂપ સજાવટ, રચનાઓ અને રંગોની પસંદગી કરીને સ્વિત્ઝરલેન્ડ જેવું વાતાવરણ ઊભું કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.તેની વચ્ચે ગણેશજીની પ્રતિમાને ભક્તિભાવપૂર્વક બિરાજમાન કરવામાં આવી છે. સેલર બાળ ગણેશ ગ્રુપના કાર્યકરો દ્વારા ધાર્મિક આસ્થા સાથે સર્જનાત્મકતાનો સમન્વય કરીને તૈયાર કરાયેલા આ મંડપને જોવા માટે નાનપુરા ખારવા મહોલ્લા સહિત આસપાસના વિસ્તારોમાંથી પણ લોકો ઉમટી રહ્યા છે. ખાસ કરીને બાળકો અને પરિવારજનોમાં આ અનોખી થીમ આકર્ષણનું કેન્દ્ર બની છે.

# મીની સૌરાષ્ટ્રમાં પણ જામ્યો ગણપતિ બાપ્પાનો માહોલ

**વરાછા-કતારગામ-કાપોદ્રા-પુણામાં સોસાયટીથી સોસાયટી સુધી ગણેશ સ્થાપના, મોટી સંખ્યામાં પરિવારો હવે શહેરભરના પંડાળોની મુલાકાત લઈ રહ્યા છે**

સુરતઃ ગણેશોત્સવ એટલે આસ્થા સાથે ઉત્સવનો માહોલ અને સુરતના મીની સૌરાષ્ટ્ર ગણાતા વરાછા-કતારગામ-કાપોદ્રા-પુણા વિસ્તારમાં આ વખતે શ્રીજીના પંડાલોએ જાણે અલગ જ રંગ જમાવ્યો છે. એક સમય હતો જ્યારે આ વિસ્તારોમાં ગણેશોત્સવની ઉજવણી ગણતરીના મોટા મંડળો પૂરતી સીમિત રહેતી હતી, પરંતુ હવે સોસાયટીથી લઈને મહોલ્લા અને રહેણાંક વિસ્તારો સુધી દુંદાળા દેવની સ્થાપનાએ ઉત્સવનો વ્યાપ વધારી દીધો છે.

શ્રીજીની પ્રતિમા સાથે પંડાલોની સજાવટમાં પણ આયોજકોએ કોઈ કસર છોડી નથી. રોશની અને કલાત્મક સજાવટથી ઝગમગતા પંડાલો સાંજ પડતાં જ લોકોના આકર્ષણનું કેન્દ્ર બની જાય છે. આ સિવાય આ વર્ષે આ વિસ્તારમાં વસતા લોકો હવે સુરત શહેરભરના ગણેશ પંડાળોની મુલાકાત લેતાં જોવી મળી રહ્યા છે. ઉપરાંત પરિવાર સાથે ગૃપમાં ગણેશ પ્રતિમાઓ જોવા ઉમંગ બતાવી રહ્યા છે. બાળકો શ્રીજીના દર્શન સાથે મંડપોની થીમ અને સજાવટ નિહાળવામાં મશગૂલ જોવા મળે છે. વરાછા-કતારગામ-કાપોદ્રા-પુણાના આ પંડાલો હવે માત્ર સ્થાનિકો પૂરતા સીમિત રહ્યા નથી. આ વખતે હિન્દીભાષી પરિવારો પણ સગા-સંબંધીઓ સાથે મોટી સંખ્યામાં પંડાલો નિહાળવા ઉમટી રહ્યા છે. જેના કારણે આડા દિવસોમાં પણ ભક્તોની ભીડ વધતી જોવા મળે છે.






નીલમ તરુણ સોની - શુભ રેસિડેન્સી, હરિનગર, ઉધના

સ્વપ્નિલ પટેલ - ગવિયર ગામ, ડુમસ રોડ

નેહા પલસાણાવાલા લાલ દરવાજા

તુષાર વિકાસ પાટીલ ત્રિલોક સોસાયટી, વેડ રોડ

રૂતેશ મિસ્ત્રી - શ્રીપદ સેલેબ્રેશન, પાલ

શૈલેષ પ્રજાપતિ, સંગીતા પ્રજાપતિ, મન પ્રજાપતિ સુરુચિ સોસાયટી, ઘોડદોડ રોડ

હરિ ખરવર અને પરિવાર - બહુચરાજી યુવક મંડળ, લીમડા ચોક, ભાગળ

શીતલ, આરતી, નેહા, જીજ્ઞા, રેશમા, ભાવના, તેજલ, પૂર્વી, રેખા - અડાજણ

મિત્તલ પટેલ - ત્રિમૂર્તિ સોસા., ઉત્રાણ

ધર્મ, ક્રિયાન - સ્નેહ સાગર સોસા., અબ્રામા રોડ, મોટા વરાછા

સ્વરા, વૃષા, વિશાલ - ફ્રેન્ડ્સ ક્લબ, ડાંગી શેરી, દિલ્હી ગેટ

યશ ગાંધી અને હેરી ગાંધી નાનપુરા ના સમ્રાટ

દેવર્શી રાઠોડ - સોના કોમ્પ્લેક્સ, સોની ફળિયા મેઈન રોડ

કિંજલ પટેલ - ખેડવાયા કા મહારાજા, નવા મગદલ્લા, ડુમસ રોડ

પલ્લવી ચિંતન ચોખાવાળા - પીપલોદ

મૈત્ર મોદી - કાવાસજીનગર સોસાયટી, અડાજણ

યશ પાટિલ, મનોજ તીરમલે શ્રી રામ કુટિર,ઉધના

નમ્રતા અને ક્રિશા સોની નાગરદાસ શેરી, નવાપુરા

અંકિતા ઘીવાલા - અડાજણ

શિવાની, રાજ, ભવ્યમ, દિયા, સંદીપ, રીધમ, વર્ધમાન - પ્રગતિ નગર, પીપલોદ

હર્ષિવ સુનીલ મહેતા સુયોગનગર સોસા. ભટાર

હિરલ પારેખ અને અથર્વ પારેખ દાળિયા શેરી, મહિધરપુરા

ધોળકિયા પરિવાર - ગુરુનગર સોસાયટી, વરાછા

વ્યોમ, તુલસી, અભિલાષ રાજહંસ રેસિડેન્સી, જહાંગીરપુરા

હેની ટેલર - ભરત કોલોની, એલ.એચ. રોડ

દેવાંશ પટેલ - ઓમકારા યુવક મંડળ, પાર્લે પોઈન્ટ

સ્લેશા વિવેક ઘીવાલા અને પરિવાર કરુણસાગર સોસાયટી, ઉમરા

કૃણાલ ભગત - વેસુ